# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૪ તા.૦૮-૧૦-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- નિષ્ઠા ૩.૦(FLN) અંતર્ગત કોર્ષ મોડયુલ ૧ અને ૨ ની ટેલીકોન્ફરન્સમાં શિક્ષકો અને મુખ્ય શિક્ષકોને જોડવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : જીસીઈઆરટી/તાલીમ/૨૦૨૧-૨૨/૨૭૧૧૮-૬૦ તા.૦૭-૧૦-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નિષ્ઠા ૩.૦(FLN) અંતર્ગત કોર્ષ મોડયુલ ૧ અને ૨ ની ટેલીકોન્ફરન્સનું આયોજન તા.૧૧-૧૦-૨૦૨૧ તથા તા.૧૨-૧૧-૨૦૨૧ના રોજ સવારે ૧૧-૦૦ થી ૧૨-૦૦ કલાકે  બાયસેગ વંદે ગુજરાત ચેનલ-૫  પર કરેલ છે. આ ઉપરાંત જીઓ ટીવી,ડીસ ટીવીના માધ્યમથી  જીવંત પ્રસારણ જોઈ શકાશે.

| તારીખ | મોડયુલ / કોર્સ |
|---|---|
| તા.૧૧-૧૦-૨૦૨૧ | Cource-01<br>GJ_FLN મિશનનો પરિચય ( NISHTHA FLN) |
| તા.૧૨-૧૦-૨૦૨૧ | Cource-02<br>GJ_ક્ષમતા આધારિત શિક્ષણ તરફ પ્રયાણ ( NISHTHA FLN) |

તા.૦૮-૧૦-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

નોંધ :- આથી મ્યુનિ. શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે આપની શાળાની અંદર વિદ્યાર્થી તથા શાળા માટે કોઈપણ પ્રકારનું દાન , સહાય કે અન્ય શૈક્ષણિક કાર્ય માટે સ્વૈ.સંસ્થા કલબ કે સામાજિક મહાનુભાવો સંપર્ક કરે ત્યારે તેઓનો પત્ર લઈને મુખ્ય શિક્ષકે જ મુખ્ય ઓફિસ આવી નાયબ શાસનાધિકારીશ્રી ડૉ.અશ્વિનભાઈ ત્રિવેદીને મળવું. સંસ્થાના પ્રતિનિધિને અત્રે મોકલવા નહી.

તા.૦૮-૧૦-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૪-**A** તા.૦૮-૧૦-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય:** **AADHAR ENABLE DISE અંતર્ગત દિવ્યાંગ બાળકોની વર્ષ ૨૦૨૦-૨૧ ની એન્ટ્રીની ચકાસણી કરવા બાબત.**

સંદર્ભ: સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગરના ક્રમાંક : સમગ્ર શિક્ષા / ૨૦૨૧ / ૩૩૪૧૯ તા.૩૦/૦૯/૨૦૨૧.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકોને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે AADHAR ENABLE DISE (ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ) દ્વારા દિવ્યાંગ બાળકોની માહિતી એકત્રિત કરવામાં આવે છે. આ માહિતીનો ઉપયોગ વર્ષ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ માટે કરવામાં આવે છે.

શાળા કક્ષાએથી કરવામાં આવેલ કેટલાક દિવ્યાંગ બાળકોની AADHAR ENABLE DISE ની એન્ટ્રીમાં વિસંગતતા જોવા મળેલ છે. AADHAR ENABLE DISE માં મળેલ ડેટામાં VI (દ્રષ્ટિ ક્ષતિ) માં (૧) સંપૂર્ણ અંધ (TB) અને (૨) લો વિઝન (LV) બાળકોની સંખ્યા વધુ જોવા મળેલ છે તથા અન્ય દિવ્યાંગતા ધરાવતા બાળકોની સંખ્યાની એન્ટ્રી પણ થયેલ છે કે જે બાળકો ખરેખર દિવ્યાંગતા ધરાવતા નથી. જેથી શાળા કક્ષાએ દિવ્યાંગ બાળકોની માહિતીની પુનઃચકાસણી કરીને AADHAR ENABLE DISE માં શાળાના LOGIN થી સુધારો કરી અપડેશન કરવાનું રહેશે.જો વિદ્યાર્થી દિવ્યાંગ છે જ તો તેનું નામ કોઇપણ સંજોગોમાં કમી ન કરવું.

બાળકોની એન્ટ્રી કરતાં ખાસ ધ્યાન રાખવાનું છે કે YES અને NO ના ઓપ્શન માટે અનુક્રમે 1 અને 2 નંબરનો ઉપયોગ દિવ્યાંગ બાળકો માટે લાગુ પડશે. શાળામાં ભણતા બાળકો જો દિવ્યાંગ ના હોય તો AADHAR ENABLE DISE માં 99 નંબર થી એન્ટ્રી કરવાથી બાળક દિવ્યાંગ નથી એવી એન્ટ્રી થશે અને જો બાળક દિવ્યાંગ હોય તો કોલમ નં. ૨૩ માં દિવ્યાંગ બાળકની વિગતો ભરવાની રહેશે.

દિવ્યાંગ બાળકોના AADHAR ENABLE DISE માં આપેલ કોડની વિગતો આ સાથે સામેલ રાખેલ છે. જો દિવ્યાંગ વિદ્યાર્થી આપની શાળામાં હોય તો તે દિવ્યાંગ વિદ્યાર્થીની દિવ્યાંગતાના કોડ (CODE) મુજબ AADHAR ENABLE DISEમાં કરેલ એન્ટ્રીની માહિતીની ચકાસણી કરી શાળા કક્ષાએ અપડેશનની કામગીરી પૂર્ણ કરવાની રહેશે તથા અપડેશન કરેલ દિવ્યાંગ વિદ્યાર્થીઓની સંખ્યાની માહિતી દિન–3 તમારા CRC-CO મારફતે જે-તે ઝોનના URC-CO ને મોકલી આપવાનીસ રહેશે. **દિવ્યાંગ વિદ્યાર્થીઓની માહિતી માટે આપની શાળામાં આવતા IED ના વિશિષ્ટ શિક્ષક તથા સ્પે.એજયુકેટરને સહકાર આપવા જણાવવામાં આવે છે.**

**બિડાણ : દિવ્યાંગ બાળકોના કેટેગરી કોડ**

તા.૦૮-૧૦-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

## IED & IEDSS અંતર્ગત સમાવિષ્ટ થતી દિવ્યાંગતાની યાદી

| CODE No. | Name of Disability | દિવ્યાંગતાનું નામ |
|---|---|---|
| 1 | Blindness | સંપુર્ણ દ્રષ્ટિહીન |
| 2 | Low-vision | અલ્પદ્રષ્ટિ |
| 3 | Hearing Impairment | શ્રવણમંદતા |
| 4 | Speech disability | વાચા અને ભાષાની દિવ્યાંગતા |
| 5 | Locomotor Disability | શારીરિક હલન-ચલનની દિવ્યાંગતા |
| 6 | Mental Illness | માનસિક બીમારી |
| 7 | Learning Disabilities | શીખવામાં દિવ્યાંગતા |
| 8 | Cerebral Palsy | મગજનો લકવો |
| 9 | Autism | સ્વલીનતા |
| 10 | Multi Disability | બહુદિવ્યાંગતા |
| 11 | Leprosy Cured | કુષ્ઠરોગમાથી સાજા થયેલ |
| 12 | Dwarfism | ઠીંગણાપણું |
| 13 | Intellectual Disability | બૌધિક દિવ્યાગતા |
| 14 | Muscular Dystrophy | સ્નાયુઓની વિકૃતિ |
| 15 | Chronic Neurological conditions | દીર્ઘકાલીન જ્ઞાનતંત્રીય બીમારી |
| 16 | Multiple Sclerosis | બહુવિધ સ્કલેરોસિસ |
| 17 | Thalassemia | થેલેસેમિયા |
| 18 | Hemophilia | રક્તસ્ત્રાવ |
| 19 | Sickle Cell disease | એનેમીયા |
| 20 | Acid Attack victim | એસીડ હુમલાનો ભોગ બનેલ |
| 21 | Parkinson's disease | કંપવાત |